જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૫/૦૮/૨૦૧૮ શનિવાર**

## <u>અમદાવાદ શહેર પોલીસ સમાચાર</u>

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૪૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૨૮૪ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૩,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૪૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### બિનવારસી નવજાત મૃત બાળક મળી આવ્યુ :- સમાચાર યાદી નં.૧૬૪૨/૧૮

**રીવરફ્રન્ટ ઇસ્ટ** : તા.૨૪/૦૮/૧૮ ના કલાક ૧૧/૫૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ વોક વે ઘાટ નંબર- ૧૧ નજીક નદીમાં ઉતરવાની સીડી નજીક થી રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસને નવજાત મૃત બાળક મળી આવતા, રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોંધી, આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એચ.પઠાણ ચલાવે છે.

### છેતરપીંડી અને વિશ્વાસઘાત :- સમાચાર યાદી નં.૧૬૪૩/૧૮

**સરદારનગર** : **(૧)** રાજેશભાઇ વેંસીલાલ રમવાણી (રહે,શીવ બંગ્લોઝ નંદીગ્રામ નાના ચિલોડા) એ તા.૨૪/૮/૧૮ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે માર્ચ/૨૦૧૭ થી જુલાઇ/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧)હિતેન્દ્રસિહ રામસિંહ રાજપુત (રહે,રાયનીયા બીલાડ જોધપુર રાજસ્થાન) (૨)કાંતીભાઇ ચકુરભાઇ બલદાનીયા (રહે,જોધપુર ઓશીયા રાજસ્થાન) (૩)મહેન્દ્રભાઇ પૃથ્વીરાજ જૈન (૪) રાજેશભાઇ રિખલજી જૈન (બંને રહે,તાડદેવ, મુંબઇ) (૫) પ્રવિણ ઉર્ફે મુકેશ રાજમલ જૈન (રહે, “ઇ” વિંગ ગોકુલધામ સોસાયટી, તાડદેવ મુંબઇ) ભેગામળી સરદારનગર કુબેરનગર આઝાદ મેદાન દુકાન નંબર ૨૫૬/૧ ખાતે આવેલ “ગુરુ મેચીંગ સેંટર” નામની દુકાનમાંથી રોકડેથી માલ ખરીદ કરી, રાજેશભાઇનો વિશ્વાસ કેળવી, લેગીઝ ના કાચા માલ ના બાકી નિકળતા રૂપિયા ૯,૭૭,૬૦૦/- રાજેશભાઇને નહી ચુકવી નાસી જઇ રાજેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**સરદારનગર** : **(૨)** ઓમપ્રકાશભાઇ કૈલાશભાઇ સિંગ (રહે,આલોક ટેનામેંટ નંદીગ્રામ પાસે નોબલનગર સરદારનગર) એ તા.૨૪/૮/૧૮ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૨/૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નરેન્દ્ર શર્મા (રહે,આલોક ટેનામેંટ નંદીગ્રામ પાસે નોબલનગર સરદારનગર) એ ઓમપ્રકાશભાઇ પાસેથી મકાન બનાવવા માટે કુલ રૂપિયા ૧૬,00,000/- મેળવી લઇ, ઓમપ્રકાશભાઇ નું મકાન નહી બનાવી આપી તેમજ રૂપિયા પરત નહી આપી, ઓમપ્રકાશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

<u>વાહનચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૬૪૪/૧૮</u>

**વસ્ત્રાપુર** : હીરાભાઇ મણીલાલ પટેલ (રહે,વૃંદાવન બંગલો શીવાષીશ સ્કુલ રોડ સ્ટર્લીંગ સીટી બોપલ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૮/૧૮ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે NFD સર્કલ પાસે હર્ષીત નગરના છાપરા નજીક રીધ્ધી મોટર્સ નામના ગેરેજ માં પાર્ક કરેલ પોતાની હોંડા સીટી કાર નંબર જીજે.૦૧.આર.એન.૨૧૦૨ કિંમત રૂપિયા ૯,00,000/- મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

**રામોલ** : જગતસિહ ગૌતમસિહ ચૌહાણ (રહે,અવધુત રેસીડેન્સી દશામાના મંદીર ની સામે વસ્ત્રાલ ગામ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૮/૧૮ સાંજના ૬/00 વાગ્યાના સુમારે વસ્ત્રાલ ચાર રસ્તા પાસે આવેલ મેટ્રો ટ્રેન સ્ટેન્ડની પાસે આવેલ સર્વિસ રોડ ઉપર પોતાની આઇશર ગાડી નંબર જીજે.૦૧.ડી.ઝેડ.૯૬૬૮ કિંમત રૂપિયા ૭,00,000/- પાર્ક કરી મુકી હતી. જેની ચોરી તા.૨૨/૦૮/૧૮ ના કલાક ૮/30 વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ હે.કો. છત્રસિંહ ચીમનલાલ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૬૪૫/૧૮</u>

**શહેરકોટડાઃ** વિનોદભાઇ ભગવાનદાસ ડાભી (ઉ.વ.૨૫) (રહે. ઔડાના મકાનમા વિજય મિલના નેળિયામા નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૧૮ કલાક ૮/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુક્માં રસ્સી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ઈશ્વરભાઇ સોમાભાઇ ચલાવે છે.

**રામોલઃ** અઝરૂદિન સ/ઓ અબ્દુલસત્તાર મન્સુરી (ઉ.વ.૨૧) (રહે. સુરતી સોસાયટી રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૮/૧૮ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની પાઈપ સાથે મફલર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી શૈલેષભાઇ રણછોડભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.